# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/335 Dt. 14/02/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેકશન એકટ ૨૦૨૩ વિષે અવેરનેસ અને ટ્રેઇનીંગ વર્કશોપ યોજાયો

## નિષ્ણાંતોએ ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેકશન એકટ ૨૦૨૩ અંતર્ગત કંપનીઓ અને સંસ્થાઓની જવાબદારીઓ અને પેનલ્ટીની જોગવાઇઓ વિષે જાણકારી આપી વ્યવસાયિકોને સમયસર જરૂરી નીતિઓ અને પ્રક્રિયાઓ અમલમાં મુકવા અનુરોધ કર્યો

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેકશન એકટ ૨૦૨૩' વિષે અવેરનેસ અને ટ્રેઇનીગ વર્કશોપ યોજાયો હતો, જેમાં નિષ્ણાંત વકતા તરીકે એસ.આર.એ. લિગલના એસોસિએટ પાર્ટનર શ્રી કૃષ્ણ અગ્રવાલે અને સ્પોર્ટા ટેકનોલોજીસ પ્રા. લિ.ની સિનિયર લીગલ મેનેજર સુશ્રી રિતિકા દાસે ઉદ્યોગ સાહસિકો અને પ્રોફેશનલ્સને વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પણ ડિજિટલ ઇન્ડિયા પ્લેટફોર્મ રજૂ કર્યું હતું અને એના માટે પણ ડેટા મુખ્ય સોર્સ છે. ડેટા કોન્ફિડેન્શિયલ, ટ્રાન્સપરન્ટ અને ઇમ્પાર્શિયલ હોય છે, આથી તેનું મહત્વ ઘણું વધી જાય છે. ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેકશન એક્ટ, ૨૦૨૩ અમલમાં આવતા ડેટા સુરક્ષા કાયદાની સમજ અને પાલન દરેક ઉદ્યોગ અને સંસ્થાઓ માટે અનિવાર્ય બન્યું છે.

એસ.આર.એ. લિગલના એસોસિએટ પાર્ટનર શ્રી કૃષ્ણ અગ્રવાલે ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેકશન એક્ટ, ૨૦૨૩ની મુખ્ય જોગવાઈઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે પર્સનલ ડેટાની વ્યાખ્યા સમજાવતા જણાવ્યું હતું કે, ડિજિટલ માધ્યમ દ્વારા એકત્રિત થતી વ્યક્તિગત માહિતીનું સંરક્ષણ કરવું આજના સમયમાં અત્યંત જરૂરી બન્યું છે, જેમાં ડેટા પ્રિન્સિપલના અધિકારો, ડેટા ફિડયુશિયરી (ડેટા એકત્રિત અને પ્રોસેસ કરનાર સંસ્થાઓ) તેમજ સિગ્નિફિકન્ટ ડેટા ફિડયુશિયરી જેવી વિશેષ કેટેગરી જેમ કે બેંકો અને મોટા કોર્પોરેટ્સ વિશે સ્પષ્ટતા કરી હતી. આ કેટેગરી હેઠળ આવતી સંસ્થાઓ પર વધારાની જવાબદારીઓ લાગુ પડે છે.

તેમણે ડેટા પ્રોટેકશન બોર્ડ અંગે પણ વિગતવાર સમજણ આપતા જણાવ્યું હતું કે, ડેટા પ્રોટેકશન બોર્ડ કાયદાનું અમલીકરણ અને નિયમન કરતી ઓથોરિટી છે, જેને કાયદાના ઉલ્લંઘન બદલ દંડ ફટકારવાની સત્તા આપવામાં આવી છે. કાયદા હેઠળ ભારે પેનલ્ટીની જોગવાઈઓ છે, તેથી સંસ્થાઓએ નિયમોનું પાલન કરવું અનિવાર્ય છે.

તેમણે દંડની જોગવાઈઓ સાથે સંસ્થાઓએ અપનાવવાના પ્રાયોગિક પગલાં જેમ કે ડેટા પ્રોટેકશન નીતિ તૈયાર કરવી, આંતરિક નિયંત્રણ વ્યવસ્થા મજબૂત બનાવવી, ડેટા સિકયુરિટી મિકેનિઝમ અમલમાં મુકવી અને સમયસર અનુપાલન સુનિશ્ચિત કરવા વિશે પણ માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ઉદ્યોગ સાહસિકોને સમયસર જરૂરી નીતિઓ અને પ્રક્રિયાઓ અમલમાં મુકવા અનુરોધ કર્યો હતો.

સ્પોર્ટા ટેકનોલોજીસ પ્રા. લિ.ની સિનિયર લીગલ મેનેજર સુશ્રી રિતિકા દાસે કોર્પોરેટ સ્તરે ડેટા ગવર્નન્સ, આંતરિક નિયંત્રણો અને રિસ્ક મેનેજમેન્ટ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે પ્રેકિટકલ કેસ સ્ટડીઝ દ્વારા સમજાવ્યું કે ડિજિટલ પ્લેટફોર્મ પર વ્યક્તિગત માહિતીનું સંચાલન કરતી સંસ્થાઓએ પારદર્શકતા અને સુરક્ષાને પ્રાથમિકતા આપવી જરૂરી છે.

તેમણે પ્રેકિટકલ કેસ સ્ટડીઝના ઉદાહરણો દ્વારા સમજાવ્યું હતું કે, કોઈપણ કંપની કે સંસ્થા બિનજરૂરી વ્યક્તિગત માહિતી એકત્રિત કરી શકતી નથી. ડેટા એકત્રિત કરતી વખતે મિનિમમ જરૂરી ડેટાનો સિદ્ધાંત અપનાવવો જરૂરી છે. એટલે કે, પ્રોડકટ અથવા સર્વિસ માટે જેટલો જરૂરી હોય એટલો જ સ્પષ્ટ અને સંબંધિત ડેટા લેવો જોઈએ. સાથે જ નાગરિકોએ પણ બિનજરૂરી વ્યક્તિગત માહિતી આપવાથી દૂર રહેવું જોઈએ.

સુશ્રી દાસે જણાવ્યું હતું કે, કેટલીક કંપનીઓ ઓનલાઈન ફોર્મ અથવા ચેક બોકસમાં અગાઉથી જ ટિકમાર્ક લગાવીને સંમતિ દર્શાવે છે, જે યોગ્ય પદ્ધતિ નથી. સંમતિ સ્પષ્ટ, સ્વૈચ્છિક અને જાણકારીપૂર્વક હોવી આવશ્યક છે. કોઈપણ કંપની અથવા સંસ્થા વ્યક્તિગત ડેટા આપવા માટે વ્યક્તિ પર દબાણ કરી શકતી નથી. વધુમાં તેમણે કહ્યું કે, ડેટા સુરક્ષા માત્ર કાયદાકીય ફરજ નહીં પરંતુ સંસ્થાની નૈતિક જવાબદારી પણ છે. યોગ્ય ડેટા મેનેજમેન્ટ પદ્ધતિઓ અપનાવવાથી જ ગ્રાહકોનો વિશ્વાસ જાળવી શકાય છે.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી દીપક કુમાર શેઠવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. અનિલ સરાવગીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરી ઉપસ્થિતોનો આભાર માન્યો હતો.

આ વર્કશોપમાં ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો, પ્રોફેશનલ્સ અને વિવિધ ક્ષેત્રના પ્રતિનિધિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વર્કશોપ દરમ્યાન ઉપસ્થિત સભ્યોએ પ્રશ્નોત્તરી સત્રમાં સક્રિય ભાગ લીધો હતો અને નિષ્ણાંતો પાસેથી પોતાની શંકાઓનું નિવારણ મેળવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ જાણકારીપ્રદ અને ઉપયોગી સાબિત થયો હતો.